અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા અંગે.

રૂ.૫૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએમએસ/૧૦૨૦૦૩/ન.બા.૬/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૮-૧-૨૦૦૫

**વંચાણે લીધા :-**

(૧) **સામાજીક** ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯-૩-૯૯નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.

(૨) **સામાજીક** ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭-૩-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.

(૩) **નિયામકશ્રી**, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનો તા.૫-૧૧-૨૦૦૩ નો પત્ર ક્રમાંક : અજાક-ગ. ૧-૧-૨૦૦૩-૧૨૮૬૫ થી ૧૨૮૬૬

## ઠ રા વ :-

આમુખમાં ક્રમાંક : ૧માં દર્શાવેલ વિભાગના ઠરાવ અન્વયે અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતાં વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા અંગેની ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ઉપરોકત સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી ફકરા-૧ ના પેટા ફકરા (૩) થી પાંચ વિદ્યાર્થીઓને લાભ આપવાની જોગવાઈ હતી. જે સંદર્ભ (૨) ના તા.૭-૩-૨૦૦૨ ના ઠરાવથી દર વર્ષ પાંચના બદલે ૧૦ વિદ્યાર્થીઓને લાભ આપવાનું ઠરાવેલ જેમાં સુધારો કરીને ૧૦ વિદ્યાર્થીઓને બદલે વર્ષ દરમ્યાન અનુસૂચિદ જાતિના ૨૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. ઠરાવ તા.૯-૩-૧૯૯૯ તથા તા.૭-૩-૨૦૦૨ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૩. અગાઉના વર્ષમાં લીધેલ ધિરાણની વસૂલાત બરોબર થાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ જોવાનું રહેશે.

૪. ચાલુ વર્ષે આ યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યામાં વધારો થતાં ૧૦ ના લક્ષ્યાંક સામે ૨૦ નો લક્ષ્યાંક થતાં વધારાના રૂ.૫૦.૦૦ ની ચાલુ વર્ષે ૨૦૦૪-૨૦૦૫ માટેની વિભાગ-૧ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૫. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર-૬૨૨૫ અનુસૂચિદ જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગ કલ્યાણ માટે ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ-૮૦૦, અન્ય ખર્ચ-(૦૩) બીસીકે-૧૫ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન (૧૯) વિદેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન એ હેઠળ ઉધારવાનું રહેશે. તથા ઉકત સદરે થયેલ ૨૦૦૪-૨૦૦૫ની જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૮-૧૨-૨૦૦૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/-**

**(કમલેશ તબિયાર)**

ઉપસચિવ,

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.